ક્રમાંક:મઉમશબ/શાનિ/વિ.સુ/૨૦૨૧/૧૦૬૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૩/૦૬/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ,
ગુજરાત રાજય.

વિષય:- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ – ૪૦(ક) માં સુધારા અંગે.

સંદર્ભ :- (૧) **The Gujarat Government Gazette SATURDAY, MAY 22, 2021**

(૨) **The Gujarat Government Gazette Notification TUESDAY, JUNE 1, 2021**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભ પત્ર-૧ થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ-૪૦(ક) માં સુધારા અંગેનો GUJARAT ACT No. 16 OF 2021 "The Gujarat Secondary and Higher Secondary Education (Amendment) Act, 2021 પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

સંદર્ભ પત્ર-૨ થી ઉક્ત GUJARAT ACT No. 16 OF 2021 "The Gujarat Secondary and Higher Secondary Education (Amendment) Act, 2021 તા.૦૧/૦૬/૨૦૨૧ થી લાગુ પાડવામાં આવેલ છે. જેથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ-૪૦(ક) માં હાલની જોગવાઈના બદલે નીચે મુજબ સુધારો ધ્યાને લેવાનો રહેશે.

<u>હાલની જોગવાઈ</u>

"૪૦ક. કલમ-૧૭ ના ખંડ (૨૬), કલમો ૩૪ અને ૩૫ અને કલમ ૩૬ ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ) અને તેની પેટા-કલમો (૨), (૩), (૪) અને (૫) માં નો કોઈ પણ મજકૂર, ધર્મ અથવા ભાષા ઉપર આધારિત લઘુમતીએ સ્થાપેલી અને તેના વહીવટ હેઠળની કોઈ શૈક્ષણિક સંસ્થાઓને લાગુ પડશે નહિ."

<u>સુધારેલ જોગવાઈ</u>

"૪૦ક. આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કલમ ૩૪ની પેટા-કલમ (૧), કલમ ૩૬ની પેટા-કલમ (૧)નો ખંડ (ખ) અને પેટા-કલમો (૨), (૩), (૪) અને (૫), ધર્મ અથવા ભાષા ઉપર આધારિત લઘુમતીએ સ્થાપેલી અને તેના વહીવટ હેઠળની કોઈ શૈક્ષણિક સંસ્થાઓને લાગુ પડશે નહિ."

આમ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ-૪૦(ક) માં થયેલ સુધારો ધ્યાને લઈ આપના તાબા હેઠળની લઘુમતી શાળાઓને લાગુ પાડવાનો રહેશે અને થયેલ સુધારા અંતર્ગત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ કાર્યવાહી કરવાની રહેશે.

(ડી. એસ. પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

<u>બિડાણ :-</u>

- નિયામકશ્રી, શાળાઓની કચેરીને તા.૦૧/૦૬/૨૦૨૧ ના રોજ લખેલ પત્રની નકલ.
- વિધાનસભામાં રજૂ થયેલ વિધેયકની નકલ.
- કાયદામાં સુધારા અંગેના જાહેરનામાની નકલ.
- પ્રેસનોટની નોંધ
- શિક્ષણ વિભાગના જાહેરનામાની નકલ.

ક્રમાંક:-મઉમશબ/શા.નિ/૨૦૨૧/૧૦૪
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦-બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર.
તારીખ :- ૦૧/૦૬/૨૦૨૧

પ્રતિ,
નિયામકશ્રી,
નિયામક શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧લો માળ,
જૂના સચિવાલય,
ગાંધીનગર.

વિષય :- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ની કલમ ૪૦-ક માં સુધારો કરવા બાબત.

મે. સાહેબશ્રી,

ઉપર્યુક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, ગુજરાત વિધાનસભાના છેલ્લા સત્રમાં તારીખ ૩૧/૦૩/૨૦૨૧ના રોજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમની કલમ ૪૦-ક માં સુધારો કરતું વિધેયક વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવેલ છે. ઉપર્યુક્ત વિધેયક વિધાનસભામાં પસાર થયા બાદ અખબારી યાદી પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી, જેની જાણ તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને પણ કરવામાં આવેલ હતી. (નકલ સામેલ છે)

આમ, ભાષાકીય તેમજ ધાર્મિક લઘુમતી સંસ્થાઓ દ્વારા ચલાવાતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં, કર્મચારીઓની નિમણૂંકમાં રાજ્ય સરકારના ઠરાવેલ ધોરણો અને પદ્ધતિઓ લાગુ પાડેલ છે. ઉક્ત કાયદાની કલમ ૧૭(૨૬) ના અમલમાંથી ઉક્ત સુધારા અગાઉ તેઓને મુક્તિ મળેલ હતી. ઉક્ત વિધેયક પસાર થયા બાદ કાયદાકીય પરિસ્થિતિમાં ફેરફાર થયેલ છે, જેનો આ બાબત સાથે સંકળાયેલ તમામએ અમલ કરવાનો રહે છે.

સમગ્ર રાજ્યમાં તબક્કાવાર તારીખ ૧૮ માર્ચ ૨૦૨૧થી ૮ મહાનગરપાલિકામાં અને તારીખ ૧૬/૦૪/૨૦૨૧થી સમગ્ર રાજ્યમાં કોરોનાની પરિસ્થિતિને કારણે શૈક્ષણિક કાર્ય બંધ કરવામાં આવેલ હતું, તેનાથી સૌ વાકેફ છે. આમ, તારીખ ૩૧ માર્ચ બાદ સ્કૂલો મહદઅંશે કાર્યરત ન હતી. તે સમયગાળામાં ઉનાળુ વેકેશન પણ જાહેર કરવામાં આવેલ હતું.

આમ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ કલમ-૪૦(ક)માં સુધારો કરતું વિધેયક પસાર થઈ ગયેલ હોવા છતાં કેટલાક કિસ્સાઓમાં તારીખ ૩૧ માર્ચ ૨૦૨૧ બાદ કર્મચારીની ભરતી કરવા માટે N.O.C. આપવાની કાર્યવાહી કરવામાં આવેલ હોવાની બાબત ધ્યાને આવેલ છે. આ સંજોગોમાં વિધેયક વિધાનસભામાં પસાર થયા બાદ N.O.C. આપવાની કાર્યવાહી કરવામાં આવેલ હોય તો તે ઉચિત જણાતું નથી. આથી આવા કોઈ કેસોમાં N.O.C. આપવામાં આવેલ હોય તો તેની સંકલિત વિગતો અત્રેની કચેરીને મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

આપનો વિશ્વાસું,

(ડી.એસ.પટેલ) ૧/૬/૨૦૨૨

સચિવ

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

ગાંધીનગર

**બિડાણ :-**

- વિધાનસભામાં રજૂ થયેલ વિધેયકની નકલ.
- કાયદામાં સુધારા અંગેના જાહેરનામાની નકલ
- પ્રેસનોટની નોંધ

# GUJARAT BILL NO. 14 OF 2021.

## THE GUJARAT SECONDARY AND HIGHER SECONDARY EDUCATION (AMENDMENT) BILL, 2021.

*A BILL*

*further to amend the Gujarat Secondary and Higher Secondary Education Act, 1972.*

સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૪ .

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક, ૨૦૨૧.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના બોત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) અધિનિયમ, ૨૦૨૧ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૧૯૭૩નો ગુજરાતનો ૧૮મો.

સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમ-ની કલમ ૨-નો સુધારો.

૨. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)-માં, કલમ ૨-માં, ખંડ ન-માં, "ગુજરાત રાજ્યના શિક્ષણ નિયામકે અથવા આ માટે તેણે અધિકૃત કરેલા અધિકારીએ" એ શબ્દોને બદલે, "ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ અથવા કોઇ અન્ય વિભાગ અથવા યથાપ્રસંગ, આ અર્થે આવા વિભાગ દ્વારા અધિકૃત કરેલા અધિકારીએ" એ શબ્દો મૂકવા.

સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૩૬નો સુધારો.

સન ૨૦૧૩નો ગુજરાતનો ૨૦મો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૬માં, પેટા-કલમ (૫)માં, "ટ્રિબ્યુનલ" એ શબ્દોને બદલે, "ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ, ૨૦૦૬ની કલમ ૩ હેઠળ રચાયેલી ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ" એ શબ્દો, આંકડા અને અક્ષર મૂકવા.

સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૪૦ક- બદલવા બાબત.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૦-ક-ને બદલે, નીચેની કલમ મૂકવી:-

અપવાદ. "૪૦ક. આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કલમ ૩૪ની પેટા-કલમ (૧), કલમ ૩૬ની પેટા-કલમ (૧)નો ખંડ (ખ) અને પેટા-કલમો (૨), (૩), (૪) અને (૫), ધર્મ અથવા ભાષા ઉપર આધારિત લઘુમતીએ સ્થાપેલી અને તેના વહીવટ હેઠળની કોઇ શૈક્ષણિક સંસ્થાઓને લાગુ પડશે નહિ.".

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ (સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા) ની જોગવાઇઓ મુજબ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની રચના કરવામાં આવી છે જેથી કરીને રાજયમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણનું નિયમન કરી શકાય. બોર્ડ, માધ્યમિક શાળા (એટલે કે ૧૦મું ધોરણ) અને ઉચ્ચતર માધ્યમિક શાળા (એટલે કે ૧૨-મું ધોરણ) બન્ને માટે પ્રમાણપત્ર પરીક્ષાનું સંચાલન કરે છે. બોર્ડ, શાળાઓનું રજિસ્ટ્રેશન કરે છે અને રાજ્યમાં નવી શાળા ખોલવા માટે પરવાનગી પણ આપે છે. વધુમાં, બોર્ડ, સદરહુ અધિનિયમની કલમ ૧૭ અને ૧૮માં વર્ણવેલી સત્તા વાપરે છે અને ફરજો બજાવે છે.

સદરહુ અધિનિયમની કલમ ૨-ના ખંડ (ન), "માન્ય શાળા"ની વ્યાખ્યા માટેની જોગવાઈ કરે છે એટલે કે અન્યો સાથે ગુજરાત રાજ્યના શિક્ષણ નિયામકે માન્ય કરેલી માધ્યમિક શાળા અથવા ઉત્તર બુનિયાદી શાળા. હાલમાં, રાજ્યમાં શિક્ષણ વિભાગ તેમજ અન્ય વિભાગો જેવા કે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ, *સમગ્ર શિક્ષણ અભિયાન* દ્વારા પણ નવી શાળાઓ ખોલવામાં આવી છે. તેથી, સદરહુ ખંડ (ન)માં યોગ્ય સુધારો કરવા ધાર્યું છે. વિધેયકની *કલમ ૨,* આ માટેની જોગવાઇ કરે છે.

ગુજરાત રાજ્ય વિધાનમંડળે, શૈક્ષણિક ટ્રિબ્યુનલને લગતા તમામ કાયદામાં એકરૂપતા લાવવા માટે અને રાજ્યમાં શૈક્ષણિક સંસ્થાઓના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્યોની સેવાની શરતોને લગતા વિવાદો પર નિર્ણય કરવાના હેતુ માટે, ટ્રિબ્યુનલ એટલે કે ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલની રચના કરવા માટેની જોગવાઇ કરવા ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ, ૨૦૦૬ (સન ૨૦૧૩નો ગુજરાતનો ૨૦મો) અધિનિયમિત કર્યો છે. સન ૧૯૭૩ના સદરહુ અધિનિયમની વિદ્યમાન કલમ ૩૬, રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળા અથવા રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાની અમુક વ્યક્તિઓની બરતરફી, પદચ્યુતિ અને પાયરી ઉતાર માટેની કાર્યરીતિની જોગવાઇ કરે છે અને સદરહુ કલમ ૩૬ની પેટા-કલમ (૫) હેઠળ અધિકૃત અધિકારીના હુકમ સામે હેઠળ નારાજ થયેલી કોઇ વ્યક્તિ દ્વારા, ટ્રિબ્યુનલને અપીલ કરવાની પણ જોગવાઇ કરે છે. હવે, સન ૨૦૧૩ના સદરહુ અધિનિયમની કલમ ૩ હેઠળ ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલની રચના અગાઉથી કરેલી છે, તેથી, સન

૧૯૭૩ના સદરહુ અધિનિયમની કલમ ૩૬ની પેટા-કલમ (૫)માં યોગ્ય સુધારો કરવાનું જરૂરી જણાયું છે. વિધેયકની *કલમ ૩*, આ માટેની જોગવાઇ કરે છે.

સર્વોચ્ચ ન્યાયાલયે, ટી.એમ.એ. પાઇ ફાઉન્ડેશન અને અન્ય વિરુદ્ધ કર્ણાટક રાજ્ય અને અન્ય ૨૦૦૨ (૮) એસસીસી ૪૮૧-ની બાબતમાં ઠરાવ્યું છે કે જ્યાં સુધી લઘુમતી સંસ્થાઓને સંબંધિત છે ત્યાં સુધી, શૈક્ષણિક ધોરણને કોઈ રીતે ઘટાડી શકાય નહિ. જ્યાં રાજ્ય દ્વારા સહાય પૂરી પાડવામાં આવે છે તેવી લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓના શૈક્ષણિક અને અન્ય સ્ટાફ માટેની સેવાની શરતોનું નિયમન કરવાના વિનિયમો, સ્ટાફ ઉપરના સંચાલક મંડળના સંપૂર્ણ વહીવટી નિયંત્રણમાં દખલ કર્યા વિના ઘડી શકાય છે. તદનુસાર, સદરહુ અધિનિયમની કલમ ૪૦-ક બદલવા ધાર્યું છે. વિધેયકની *કલમ ૪*, આ માટેની જોગવાઇ કરે છે.

આ વિધેયક, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધારે છે.

ભૂપેન્દ્રસિંહ ચુડાસમા,

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ(૨)થી, રાજ્ય સરકારને, *રાજપત્ર*માં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે, તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૨૩મી માર્ચ, ૨૦૨૧.

ભૂપેન્દ્રસિંહ ચુડાસમા.

## પુરવણી

### ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ (સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮-મા)માંથી ઉતારા.

---

૨. આ અધિનિયમમાં, સદરહુ સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો- વ્યાખ્યા.

(ક) થી (ધ) XXX XXX XXX

(ન) ''માન્ય શાળા'' એટલે ગુજરાત રાજ્યના શિક્ષણ નિયામકે અથવા આ માટે તેણે અધિકૃત કરેલા અધિકારીએ માન્ય કરેલી કોઈ માધ્યમિક શાળા અથવા ઉત્તર બુનિયાદી શાળા અથવા કોઈપણ યુનિવર્સિટીએ રજિસ્ટર કરેલ હાઈસ્કૂલ;

(પ) થી (કક) XXX XXX XXX

રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળામાં અથવા રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળામાં નીમેલી વ્યકિતઓની ભરતી અને તેમની નોકરીની શરતો.

૩૪. (૧) રજિસ્ટર થયેલી કોઇ ખાનગી માધ્યમિક શાળાના અને રજિસ્ટર થયેલી કોઇ ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક સ્ટાફની જગાઓમાંથી પંદર ટકા જેટલી જગાઓ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની વ્યકિતઓમાંથી ભરવાની રહેશે:

પરંતુ આવી કોઇ જગા ભરવા માટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની કોઇ વ્યકિત મળતી ન હોય, ત્યારે તે જગા આ અધિનિયમમાં અન્યથા જોગવાઇ કરી હોય તે રીતે ભરવી જોઇશે.

સ્પષ્ટીકરણ - આ પેટા-કલમમાં,-

(ક) "અનુસૂચિત જાતિઓ" એટલે ભારતના સંવિધાનની કલમ ૩૪૧ હેઠળ ગુજરાત રાજ્યના સંબંધમાં અનુસૂચિત જાતિઓ તરીકે ગણાતી હોય, તે જ્ઞાતિઓ, જાતિઓ કે આદિજાતિઓ અથવા આવી જ્ઞાતિઓ, જાતિઓ અથવા આદિજાતિઓના ભાગો અથવા તેમની અંદરના જૂથો.

(ખ) "અનુસૂચિત આદિજાતિઓ" એટલે ભારતના સંવિધાનની કલમ ૩૪૨ હેઠળ ગુજરાત રાજ્યના સંબંધમાં અનુસૂચિત આદિજાતિઓ તરીકે ગણાતી હોય તેવી આદિજાતિઓ અથવા આદિજાતિ કોમો અથવા એવી આદિજાતિઓ અથવા આદિજાતિ કોમોના ભાગો અથવા તેમની અંદરના જૂથો.

(૨) XXX XXX XXX

અમુક વ્યક્તિઓની બરતરફી, પદચ્યુતિ અને પાયરી ઉતાર.

૩૬.(૧) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના હેડ-માસ્ટર, શિક્ષક અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્ય તરીકે નિમાયેલી કોઈપણ વ્યકિતને-

(ક) XXX XXX XXX

(ખ) બોર્ડે આ માટે અધિકૃત કરેલા અધિકારીએ તેના સંબંધમાં લેવા ધારેલા પગલાંની લેખિત બહાલી આપી ન હોય ત્યાં સુધી

વ્યવસ્થાપકથી બરતરફ અથવા પદચ્યુત કરી શકાશે નહિ અથવા નીચેની પાયરીમાં ઉતારી શકાશે નહિ અથવા વ્યવસ્થાપક દ્વારા તેની સેવા અન્યથા સમાપ્ત કરી શકાશે નહિ:

પરંતુ આ પેટા-કલમમાંનો કોઈપણ મજકૂર જેને હંગામી મુદત માટે નીમવામાં આવે તેવી કોઈ વ્યક્તિને લાગુ પડશે નહિ.

(૨) પેટા-કલમ (૧)ના ખંડ (ખ)માં ઉલ્લેખેલા અધિકારીએ, સદરહુ ખંડ (ખ) હેઠળની દરખાસ્ત તેને મળ્યાની તારીખથી પિસ્તાલીસ દિવસની મુદતની અંદર પોતાનો નિર્ણય જણાવવો જોઈશે અને એવી મુદતની અંદર સદરહુ અધિકારી વ્યવસ્થાપકને એવા નિર્ણયની જાણ ન કરે, તો સદરહુ ખંડ (ખ) હેઠળ લેવા ધારેલું પગલું, સદરહુ અધિકારીએ મંજૂર કર્યું છે એમ ગણાશે.

(૩) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના અથવા રજિસ્ટર થયેલી ઉચ્ચતર માધ્યમિક શાળાના હેડ-માસ્ટર, શિક્ષક અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્યની સામે કરવા ધારેલી કોઈ તપાસ અનિર્ણિત હોય ત્યાં સુધી, શાળાના વ્યવસ્થાપક તેને ફરજમાંથી મોકૂફ રાખે, ત્યારે એવી ફરજ મોકૂફીની હકીકત અને તે માટેના કારણો બોર્ડે આ માટે અધિકૃત કરેલા અધિકારીને વ્યવસ્થાપકે તરત જણાવવાં જોઈશે અને એવા અધિકારીને આ અંગેની જાણ કરવામાં આવે તે તારીખથી પિસ્તાલીસ દિવસની મુદતની અંદર એવા અધિકારીએ આવી ફરજ મોકૂફીને બહાલી આપવાની રહેશે અને સદરહુ અધિકારી એવી બહાલી સદરહુ મુદતની અંદર વ્યવસ્થાપકને જણાવે નહિ, તો સંબંધિત ફરજ મોકૂફી, એવી મુદત પૂરી થયે, અમલમાં ચાલુ રહેતી બંધ થશે.

(૪) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના અથવા રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના હેડ-માસ્ટર, શિક્ષક અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્ય પોતાનું રાજીનામું

આપવા માંગે, તો તેણે જાતે પોતાનું રાજીનામું સંબંધિત જિલ્લા શિક્ષણ અધિકારીને આપવું જોઈશે અને રાજીનામું એવી રીતે આપવામાં આવ્યું હોય અને એવા અધિકારીએ યોગ્ય રીતે શેરો કરીને તેને મોકલાવ્યું હોય તે સિવાય વ્યવસ્થાપકે રાજીનામું સ્વીકારવું નહિ. આ પેટા-કલમનું ઉલ્લંઘન કરીને આપવામાં આવેલું આવું કોઈ રાજીનામું સ્વીકારવામાં આવે, તો તે અસરકારક થશે નહિ.

(૫) પેટા-કલમ (૧)ના ખંડ (ખ) હેઠળ અધિકૃત અધિકારીએ કરેલા હુકમથી નારાજ થયેલી કોઈ વ્યકિત અધિકૃત અધિકારીના નિર્ણયની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર ટ્રિબ્યુનલને અપીલ કરી શકશે.

**૪૦-ક.** કલમ ૧૭ના ખંડ (૨૬), કલમો ૩૪ અને ૩૫ અને કલમ ૩૬ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ) અને તેની પેટા-કલમો (૨), (૩), (૪) અને (૫)માંનો કોઈપણ મજકૂર, ધર્મ અથવા ભાષા ઉપર આધારિત લઘુમતીએ સ્થાપેલી અને તેના વહીવટ હેઠળની કોઈ શિક્ષણ સંસ્થાને લાગુ પડશે નહિ. અપવાદ.

ગુજરાત વિધાનસભા સચિવાલય

[ સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૪. ]

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ વધુ સુધારવા બાબત વિધેયક.

[ શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા,

શિક્ષણ મંત્રીશ્રી ]

(સન ૨૦૨૧ના માર્ચ મહિનાની ૨૪ મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 19

વાર્ષિક લવાજમનો દર રૂ. ૪,૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXII ] SATURDAY, MAY 22, 2021 / JYAISTHA 1, 1943**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV**

**Acts of Gujarat Legislature and Ordinances promulgated and Regulations made by the Governor**

The following Act of the Gujarat Legislature, having been assented to by the Governor on the 13th May, 2021 is hereby published for general information.

**K. M. LALA,**
Secretary to the Government of Gujarat,
Legislative and Parliamentary Affairs Department.

**GUJARAT ACT NO. 16 OF 2021**

(First published, after having received the assent of the Governor, in the "*Gujarat Government Gazette*", on the 22nd May, 2021).

**AN ACT**

further to amend the Gujarat Secondary and Higher Secondary Education Act, 1972.

It is hereby enacted in the Seventy-second Year of the Republic of India as follows:-

**1.** (1) This Act may be called the Gujarat Secondary and Higher Secondary Education (Amendment) Act, 2021. **Short title and commencement.**

(2) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette*, appoint.

**Amendment of section 2 of Guj. 18 of 1973.**

**2.** In the Gujarat Secondary and Higher Secondary Education Act, 1972, (hereinafter referred to as "the principal Act"), in section 2, in clause (q), for the words "Director of Education, Gujarat State, or an officer authorised by him", the words "Education Department or, as the case may be, any other Department of the Government of Gujarat or an officer authorized by such Department" shall be substituted. **Guj. 18 of 1973.**

**Amendment of section 36 of Guj. 18 of 1973.**

**3.** In the principal Act, in section 36, in sub-section (5), for the words "the Tribunal", the words and figures "the Gujarat Educational Institutions Services Tribunal constituted under section 3 of the Gujarat Educational Institutions Services Tribunal Act, 2006" shall be substituted. **Guj. 20 of 2013.**

**Substitution of section 40A of Guj. 18 of 1973.**

**4.** In the principal Act, for section 40A, the following section shall be substituted, namely:-

**Savings.** "**40A.** Notwithstanding anything contained in this Act, sub-section (*1*) of section 34, and clause (b) of sub-section (1) and sub-sections (*2*), (*3*), (*4*) and (*5*) of section 36 shall not apply to any educational institutions established and administered by a minority, whether based on religion or language.".

------------

Government Central Press, Gandhinagar.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સુધારા વિધેયક વિધાનસભામાં પસાર

*સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને આધિન રહી હવેથી*

રાજ્યની લઘુમતિ શૈક્ષણિક સંસ્થાઓમાં આચાર્ય-શિક્ષકની નિમણૂંક માટેTATની પરીક્ષા અનિવાર્ય:- શિક્ષણમંત્રીશ્રી

*લઘુમતિ સંસ્થાઓમાં ગુણવત્તાયુકત આચાર્ય અને શિક્ષકોની પસંદગીથી વિદ્યાર્થીઓની શકિત ખિલવવાની વધુ ઉજ્જવળ વ્યાપક તક મળશે*

શિક્ષણ વિભાગ સિવાય કોઇ અન્ય વિભાગે મંજુર કરેલી માધ્યમિક-ઉત્તર બુનિયાદી શાળા પણ હવેથી 'માન્ય શાળા' ગણાશે

શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સુધારા વિધેયકની વિધાનગૃહમાં ચર્ચા દરમ્યાન સ્પષ્ટપણે જણાવ્યું કે, રાજ્યમાં આવેલી લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓમાં પણ હવેથી આચાર્ય અને શિક્ષકની નિમણૂંક માટે TAT પરીક્ષા સાથેની યોગ્ય લાયકાત અમલી બનશે

લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓમાં આચાર્ય અને શિક્ષકની નિમણૂંક માટે યોગ્ય લાયકાત અમલી બનાવવા અંગેના સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઇકોર્ટના વખતોવખતના ચુકાદાને સુસંગત સુધારા આ વિધેયકમાં સમાવિષ્ટ છે એમ તેમણે ઉમેર્યુ હતું.

આ સંદર્ભમાં વધુ વિગતો આપતાં શિક્ષણ મંત્રી શ્રી ચુડાસમાએ ઉમેર્યુ કે, રાજ્યમાં હાલ કેન્દ્રીયકૃત પદ્ધતિથી સરકારી અને અનુદાનિત ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ઉમેદવારોની પસંદગી કરવાની પ્રક્રિયા અમલમાં છે

પરંતુ લઘુમતિ સંસ્થાઓ દ્વારા શિક્ષક તરીકેની પસંદગીની લાયકાત પૂરી કરવા માટે નિયત કરેલા TAT પરીક્ષાના મહત્વના ગુણાંકનને ધ્યાનમાં લીધા સિવાય આવી પસંદગી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

તેમણે ઉમેર્યુ કે, આના પરિણામે રાજ્યની સરકારી તેમજ ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓમાં શિક્ષકની ગુણવત્તાની પસંદગી માટેના નિયત થયેલા ધોરણો જળવાતા નથી અને TAT પરીક્ષાના પરિણામના આધારે પસંદગી પ્રક્રિયા લઘુમતિ સંસ્થાઓમાં થતી ન હોવાથી તટસ્થ રીતે ગુણવત્તાયુકત આચાર્યો, શિક્ષકોની પસંદગી થઇ શકતી નથી

શિક્ષણમંત્રીશ્રીએ સુપ્રીમ કોર્ટના આ અંગેના ચુકાદાને ટાંકતા કહ્યું કે, અદાલતે સ્વયંસ્પષ્ટ કર્યુ છે કે શૈક્ષણિક સંસ્થા લઘુમતિ કે બહુમતી સંચાલિત છે તેને ધ્યાનમાં લીધા વિના રાષ્ટ્રીય હિતમાં શિક્ષણની ગુણવત્તા સાથે કોઇ સમાધાન કરવું જોઇએ નહીં. શિક્ષકોની નિમણૂક માટે નિયમનકારી મંડળ સ્થાપવાનો સરકારનો નિર્ણય લઘુમતિ સંસ્થાઓના વહીવટમાં દખલકર્તા નથી.

શિક્ષણ મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, ગુજરાત હાઇકોર્ટે પણ ૨૦૧૩માં એક ચૂકાદો આપીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ની કલમ-૪૦(ક)માં જરૂરી સુધારા કરવા સૂચવેલું છે.

તદઅનુસાર, અગાઉ લઘુમતી શાળાઓમાં સંચાલક મંડળની કમિટિ ઉમેદવારની શૈક્ષણિક લાયકાત નક્કી કરી TAT પરીક્ષાના ગુણાંકન ધ્યાને લીધા સિવાય ભરતી પ્રક્રિયા કરતી હતી.

હવે, આ સુધારા વિધેયક પસાર થવાના પરિણામે રાજ્યની સરકારી અને અનુદાનિત ખાનગી માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષક-આચાર્ય ઉમેદવારો માટે જે હાલ કેન્દ્રીયકૃત પદ્ધતિથી પસંદગી કરવાની પ્રક્રિયા અમલી છે તે જ પ્રક્રિયા લઘુમતિ સંસ્થાઓમાં પણ અમલી બનશે. તેમ શ્રી ચુડાસમાએ ઉમેર્યું હતું.

તેમણે ઉમેર્યું કે, લઘુમતિ સંસ્થાઓમાં પણ ગુણવત્તાવાળા આચાર્યો અને શિક્ષકો પ્રાપ્ત થવાથી લઘુમતીઓના શિક્ષણની હાલની ગુણવત્તા વધુ સારી બનશે તેમજ આવી સંસ્થાઓના વિદ્યાર્થીઓની શકિત અને તક વધુ ખિલશે, ઉજ્જવળ બનશે.

શિક્ષણમંત્રીશ્રીએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સુધારા વિધેયકની અન્ય એક જોગવાઇ અંગે જણાવ્યું કે, હાલ માન્ય શાળાઓની વ્યાખ્યામાં ગુજરાત રાજ્યના શિક્ષણ નિયામક અથવા આ હેતુસર તેમણે અધિકૃત કરેલા અધિકારીએ માન્ય કરેલી માધ્યમિક અથવા ઉત્તર બુનિયાદી શાળાનો જ સમાવેશ થાય છે.

આ સુધારા વિધેયક અન્વયે હવે આવી માન્ય શાળા એટલે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ અથવા કોઇ અન્ય વિભાગ અથવા યથાપ્રસંગ આ અર્થે આવા વિભાગ દ્વારા અધિકૃત કરેલા અધિકારીએ માન્ય કરેલી કોઇ માધ્યમિક શાળા અથવા ઉત્તર બુનિયાદી શાળાને પણ માન્ય શાળા ગણવામાં આવશે.

Extra No. 132

વાર્ષિક લવાજમનો દર રૂ.૪,૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXII ] TUESDAY, JUNE 1, 2021 / JYAISTHA 11, 1943

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-B

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts**

**EDUCATION DEPARTMENT**

**Notification**

Sachivalaya, Gandhinagar, 1st June, 2021.

**The Gujarat Secondary and Higher Secondary Education (Amendment) Act, 2021.**

**No.GH/SH/12/MSB/1220/585/CHH:—** In exercise of the powers conferred by the Sub-section (2) of section 1 of the Gujarat Secondary and Higher Secondary Education (Amendment) Act, 2021. (Gujarat Act No. 16 of 2021), (hereinafter referred to as "the said Act"), the Government of Gujarat hereby appoints the date 1st June, 2021 as the date on which the said Act shall come into force.

By order and in the name of the Governor of Gujarat,

**RONAK MEHTA,**

Deputy Secretary to Government.



GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.